## જન્મદિને વધામણી



**દશરથ રામજીભાઈ ઠાકોર**
કાઉન્સીલર, સખિયા ફાઉન્ડેશન
મો. ૭૮૦૨૮ ૧૧૦૪૬



**ફાલ્ગુની ગાંધી**
મહિલા પ્રતિનિધિ
શ્રી સમસ્ત ખડાયતા સમાજ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### સંવેદના વિભાગ

સંવેદના વિભાગ અંતર્ગત 'મારા પપ્પા એટલે મારા પપ્પા' લેખમાળાને બહોળો પ્રતિસાદ સાંપડ્યો છે અને ગાંધીનગર સમાચારને અનેક લેખો આ વિષય અંતર્ગત મળ્યા છે. આ જ એ પ્રતિસાદ હતો જેની અખબારને અપેક્ષા હતી અને આ જ એ પ્રતિસાદ છે જેની સમાજને આવશ્યકતા છે.

પોતાનો અનુભવ વહેંચનારા સૌ લેખકોનો આભાર માની એ બાબતની નોંધ લેવા વિનંતી કરીએ છીએ કે જે લેખ આજે પ્રકાશિત નથી કરી શકાયા તે આગામી સપ્તાહે પ્રકાશિત કરવામાં આવશે.

- સંપાદક

### વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે

# વિશાલા દ્વારા સિનિયર-નવોદિત નાટ્યકારોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૨૭

વિશ્વ રંગભૂમિ અને વિશાલાનો જન્મદિવસ યોગાનુયોગ છે. આ નિમિત્તે ચાર વર્ષથી ૮૦ વર્ષ કરતાં વધુ વય ધરાવતાં વડીલ નાટ્ય કલાકારોનું સન્માન કરી તેમને ઍવોર્ડ આપવાનો એક ઉપક્રમ વિશાલા પરિવાર દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. એ ક્રમમાં આજે ૯ જેટલા વડીલ નાટ્ય સમ્રાટોનું અભિવાદન, પૂજન અને સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે પ્રતિભાશાળી યુવા નાટ્યમિત્રોને પણ સન્માનવામાં આવ્યા હતા.

વડીલ કલાકાર ધીરૂબેન પટેલ, નિરંજન મહેતા, હસમુખ બારાડી, રતિલાલ નાયક, મહેશભાઈ શાસ્ત્રી, વસંત ઘાસવાલા, અંજુબેન શાહ, શીલા કિશોર ભટ્ટ, ઊર્મિલાબેન જોષી અને યુવા કલાકાર ચિંતન પંડ્યા તથા નૈત્રી ત્રિવેદીને આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતા. સન્માન પામનારાં કલાકારોએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું હતું કે વિશાલાના સ્થાપક સુરેન્દ્રભાઈ પટેલ દ્વારા અમારું સન્માન એ અમારા માટે પ્રશંસનીય અને ગૌરવપૂર્ણ ઘટના છે. એમાંય યુવા કલાકારોનું સન્માન થાય તેનાથી યુવા પેઢી રંગમંચ તરફ આકર્ષાશે એવો મત તેમણે વ્યક્ત કર્યો હતો.

# ૧૩મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

સહર્ષ જણાવવાનું કે, સોફ્ટ ટેનિસ એસોસીએશન ઓફ ગુજરાત અને સોફ્ટ ટેનિસ એસોસીએશન ઓફ અમદાવાદ દ્વારા AGETA ટેનિસ એકેડેમી, ગુરૂકુળ, મેમનગર, અમદાવાદ ખાતે તા. ૨૭ થી ૩૧ માર્ચ, ૨૦૧૬ દરમ્યાન ૧૩મી સિનિયર નેશનલ સોફ્ટ ટેનિસ ચેમ્પિયનશીપ (ભાઈઓ અને બહેનો) નું આયોજન કરવામાં આવેલ છે.

આ સ્પર્ધામાં ભારતભરમાંથી ૨૪ રાજ્યો, સંઘ પ્રદેશો જેવા કે દિલ્હી, જમ્મુ અને કાશ્મીર, ચંદીગઢ, હરિયાણા, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, કર્ણાટક, તામિલનાડુ, કેરાલા, આંધ્રપ્રદેશ, ઓડીસા, વેસ્ટ બેંગાલ, મણિપુર, બિહાર, ગુજરાત, પોન્ડીચેરી વગેરેના ૪૦૦ ખેલાડીઓ (ભાઈઓ અને બહેનો) અને અધિકારીઓએ આ સ્પર્ધામાં ભાગ લેવાના છે.

આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સમારંભ તા. ૨૭મી માર્ચ, ૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે AGETA ટેનિસ એકેડેમી, ગુરૂકુળ, મેમનગર, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે.



વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે કલાકારોની બનેલી ગાંધીનગરની સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) અને તેના દ્વારા સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સ દ્વારા થિએટર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કલાકારોનું સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને સંસ્થાઓના જૂના-નવા કલાકારોએ ઉપસ્થિત રહી એકમેકને રંગભૂમિ દિવસની શુભકામનાઓ પાઠવી હતી. સર્વપ્રથમ સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી અને ત્યારબાદ સંસ્થાના પ્રમુખ કુંતલ નિમાવત દ્વારા આ દિવસના મહત્ત્વ અને દિવસ નિમિત્તે ઈન્ટરનેશનલ થિએટર ઈન્સ્ટીટ્યુટ દ્વારા પ્રસારિત થયેલા સંદેશની વિગત આપવામાં આવી હતી. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે નગરના યુવાનોએ ગીત લૉન્ચ કર્યું



થિએટર પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અને સંગીતના જાણકાર યુવાનોએ વિશ્વ રંગભૂમિ દિવસ નિમિત્તે એક ગીત લૉન્ચ કર્યું છે. 'ક્યા હુઆ તેરા વાદા' એ ગીતને રિમિક્સ કરીને અહીં રજૂ કરવામાં આવ્યું છે. દિવ્યકાન્ત વર્મા (પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સ)ના નિર્દેશનમાં પ્રિન્સ (મંદ્રા ફાઉન્ડેશન) દ્વારા આ ગીતનું ગાન કરવામાં આવ્યું છે. યુવા કલાકારોને તક આપતા 'શાંતમ રેકોર્ડ ઈન' રેકોર્ડિંગ સ્ટુડિયો ખાતે ઋષિકેશ મહેતા દ્વારા ગીતનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું છે, સંગીતની સેવાઓ પણ તેમના દ્વારા જ આપવામાં આવી છે. યુટ્યુબ પર પાઈ વિડીયોઝ અને ફેસબૂક ઉપર પ્લગ-ઈન્સ ઍન્ટરટેઈનમેન્ટ્સના પેજ ઉપર ગીત ઉપલબ્ધ છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
રૉકી હૅન્ડસમ
૧૨.૧૫, ૨.૪૫, ૫.૧૫, ૭.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
બૅટમૅન વર્સીસ સુપરમૅન (૩ડી હિન્દી)
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
૩ ડોબા (ગુજરાતી)
૪.૦૦
કપૂર ઍન્ડ સન્સ
૧૨.૪૫, ૧૦.૦૦
જય ગંગાજલ
૭.૦૦

**સ્ક્રીન-૫**
રૉકી હૅન્ડસમ
૧૦.૦૦, ૧.૧૫, ૯.૩૦
કપૂર ઍન્ડ સન્સ
૩.૪૫, ૬.૪૫

# ભાગવત વિદ્યાપીઠમાં દ્વિદિવસીય આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠી





ગાંધીનગર, તા. ૨૭

તા. ૨૭-૩-૨૦૧૬ના રોજ શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલા અમદાવાદ અને અયોધ્યા શોધ સંસ્થાન વિભાગ ઉત્તરપ્રદેશના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય આંતરરાષ્ટ્રીય સંગોષ્ઠીનો આરંભ થયો, જેના ઉદ્‌ઘાટન સત્રનો પ્રારંભ મહામંડલેશ્વર મહંતશ્રી દિલીપદાસજી મહારાજ જગન્નાથ મંદિર અને શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલાના પ. પૂ. શ્રી ભાગવતઋષિના આર્શિવચનથી થયો.

આ કાર્યક્રમના અધ્યક્ષ પદે સન્માનીય શ્રી પી.કે. લહેરી તથા મુખ્ય અતિથિ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા શ્રી ડૉ. રઘુવીર ચૌધરી અને કવિશ્રી માધવ રામાનુજ તેમજ અયોધ્યા શોધ સંસ્થાનના વડાશ્રી યોગેન્દ્રસિંહ પ્રતાપસિંહે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. જેમાં વિશિષ્ટ અતિથિરૂપે ડૉ. ઉપુલ રણજીત (શ્રીલંકા), ડૉ. સવિતા ગૌડ (અમેરિકા), ડૉ. કુસુમ પટેલ (કેનેડા), પ્રો. ડૉ. અલકા ધનપત (મોરિશિસ), ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ગુજરાતી અને હિન્દી લેખકોને કુલ ૧૦થી વધુ પુસ્તકોનું વિમોચન થયું હતું.

આ સંદર્ભિત આગામી કાર્યક્રમોમાં ૧૫૦થી વધુ શ્રીરામ અને શ્રીકૃષ્ણ સાહિત્યમાં જીવનકલા અને શિક્ષણ વિષય પર સંશોધનપત્ર પ્રસ્તુત થશે. આ સમગ્ર કાર્યક્રમ સાથે સંસ્કૃત કવિ સંમેલનનું પણ આયોજન કરવામાં આવેલ છે.

# દુનિયાથી દૂર જાઓ તો લોકોનાં દિલમાં મીઠી યાદો અને આંખોમાં પ્યારનાં અશ્રુ છોડી જજો

મેં મારા બાપુજીને ક્યારેય પપ્પા કહ્યા નથી. એમને એ ગમતું પણ નહોતું. હું બાળપણથી જ એમને બાપા કહેતો હતો.

મારા બાપાએ મારામાં વિશ્વાસ રાખી નાનપણથી મને વ્યવહાર સોંપી દીધો હતો. પણ મારી ખરાબ સોબતથી બાપા સાથે બોલવાનું થયું અને બાપાનાં સત્ય વેણ કડવાં લાગ્યાં. બધા રૂપિયા બાપા પાસે નાખીને હું કપડાં-થેલો લઈને બહાર નીકળી ગયો. થોડીવાર બસ સ્ટેન્ડે બેઠો, ત્યાં મારાં બા આવ્યાં. 'હું પાછો નહિ જ ફરું' મેં દયાહિન થઈને કહ્યું. બા કહે, 'લે આ રૂપિયા. તારા બાપાએ આપ્યા છે.' એમણે પોતાની પણ સો રૂપિયાની નોટ એમાં ઉમેરીને મને આપી ને કહ્યું, 'તારા બાપા કહેતા હતા કે છોકરો રૂપિયા વગર ક્યાં જશે?' મારો સઘળો રોષ શમી ગયો ને હું ઘરે પાછો ફર્યો.

ત્યારપછી ક્યારેય માતા-પિતાની અવગણના કરી નથી. મા-બાપ જે કહેતા હોય છે એમાં જીવનનો નિચોડ હોય છે એ આજે સ્પષ્ટ સમજાય છે.



**- મહેન્દ્રભાઈ એમ રાઠોડ, સેક્ટર-૨ બી**

મારા પપ્પાનો સ્વભાવ ગરમ, પણ એમના દિલમાં ઠંડક. સગા-વહાલા બિમાર હોય તો કામ અધૂરાં મૂકીને હામ ખબર-અંતર પૂછવા દોડી જાય. મારાં મમ્મી બિમાર પડે કે બહારગામ જવાનું થાય તો પપ્પા જાતે રસોઈ બનાવીને ગરમાગરમ પિરસતા અને ઘરનું તમામ કામ કરીને પોતાના નિવાસસ્થાનથી સચિવાલય પગપાળા નોકરીએ જતા. કોઈનું દુખ એમનાથી જોવાતું નહીં અને એ સૌને તન, મન, ધનથી મદદ કરતા. મારા દરેક કાર્યમાં એમણે શરૂઆતથી અંત સુધી મદદ કરી છે. મારી પરીક્ષા હોય કે મારે બહાર જવાનું હોય ત્યારે તેઓ જાગતા રહેતા ને મને સમયસર જગાડતા. એમને કૅન્સર થયું ત્યારેય જીવનના અંત સુધી સંઘર્ષમાં ભલે જીવ્યા હોય પણ અમને જીવન જીવતાં શીખવાડ્યું. મારા પપ્પા એટલે મારા પપ્પા!



**- તુષાર જગદિશચંદ્ર દવે, સેક્ટર-૩ એ ન્યૂ**

વિરાણી હાઈસ્કૂલ, રાજકોટના વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષક - અમરશીભાઈ સોમૈયા - મારા પપ્પા, જેમને અમે બાપુજી કહેતા. શિક્ષકના ગુણો એમનામાં ભારોભાર હતા.

દરેક સમસ્યાનું નિવારણ એટલે મારા બાપુજી. સ્કૂલમાં વિદ્યાર્થીઓ પ્રત્યે કંઈ ખોટું થાય તો તરત જ એમની ચિઠ્ઠી પ્રિન્સિપાલ સુધી પહોંચતી. એક અનુભવ યાદ છે :

૧૫મી ઑગષ્ટે સૌએ ફરજિયાત સ્કૂલ જવાનું હતું. મને તાવ હતો, હું ન ગઈ. પછીના દિવસે બધા જ ગેરહાજર વિદ્યાર્થીઓને એક હૉલમાં બેસાડી રખાયા અને 'હું દેશને વફાદાર નથી' એ વિષય પર નિબંધ લખવા કહેવાયું. મારા બાપુજીને આ વાતની ખબર પડી કે તરત એમની ચિઠ્ઠી પ્રિન્સિપાલ સુધી પહોંચી. બાદમાં પ્રિન્સિપાલે બધાની માફી માગી.

એક વખત સ્કૂલમાં હોમવર્ક માટે ડાયરીનું વેચાણ થયું હતું. ૭૫ પૈસાની ડાયરી સૌએ ફરજિયાત લેવાની હતી. ત્યારેય બાપુજીએ ચિઠ્ઠી લખી હતી કે બાળકોનું હોમવર્ક જુઓ, નોટબૂક સારી હોય તો ચાલે, ડાયરીની જરૂર નહીં. ત્યારપછી ડાયરીનું વેચાણ બંધ થયું હતું.

વિદ્યાર્થીઓમાં એ એટલા પ્રિય કે છેલ્લે એમને કેન્સર થયું ત્યારે એમના જ એક ડૉક્ટર થયેલા વિદ્યાર્થીએ મુંબઈની ટાટા હૉસ્પિટલમાં એકપણ પૈસો લીધા વિના એમની સારવાર કરાવી હતી.

એમણે વિદાય લીધી ત્યારે મહાન હસ્તીએ વિદાય લીધી હોય એવો માહોલ મારા ઘર પાસે હતો. હું ૧૦ વર્ષની હતી પણ મને યાદ છે કે દૂર-દૂર સુધી લોકોનાં ટોળાં જોઈ શકાતાં હતાં.

ભલે એમની લાંબી છત્રછાયા મને ન મળી, પણ તોય મેં અનુભવ્યું છે કે મારા પપ્પા એટલે મારા પપ્પા.

**- પ્રફુલ્લા ખંધડિયા, સેક્ટર-૨**

૧૫ ડિસેમ્બર, ૧૯૪૭નો એ ગોઝારો દિ. મેં મારા કાકા (પપ્પા)ને જોયા! હજુ થોડા દિ પહેલાં મને સવારના પોરમાં કહ્યું, જ્યારે મેં બકરીના દૂધનું ડોલચું એમના સામે મૂક્યું, 'બેટા કુંદન, તારી પ્રિલિ. પરીક્ષા આવે છે, સવારના વાંચવાનો સરસ સમય, તારે મારે માટે છેક સ્ટેશન સુધી લાંબા થવું પડે છે...' મેં જોયું, બંને આંખોના ખૂણે ઝળઝળિયાં તગતગતાં'તાં. મેં મારો હાથ એમના મોં પર મૂકી કહ્યું, 'કાકા, તમે જલદી માંદગીમાંથી ઊભા થઈ જાવ ને પછી મને મેટ્રીકમાં અંગ્રેજી વ્યાકરણ તૈયાર કરાવજો હોં.'

મારા કાકા ચંદુલાલ ભટ્ટ, કરાંચીની કંપનીમાં હેડ એકાઉન્ટન્ટ. ફાંકડું અંગ્રેજી, આધુનિક રીતભાત, મોજીલો સ્વભાવ. દરરોજ સાંજે રામકૃષ્ણ મિશન જઈ પિયાનો પર ભજનો ગાય, વગાડે! વિવેકાનંદના પ્રખર શિષ્ય. રણછોડ લાઈન્સ પર કવેટા બિલ્ડીંગનું ભોંયતળિયું ભાડે રાખ્યું, મારાં બા લલિતાને મોટીબેન ભગવતી ત્યાં દસકો રહ્યાં - સુવર્ણ કાળ! એક સાંજે ગાંધીજીની અહિંસા ચળવળની સભામાં કાકા સેવા આપતા હતા તે જોઈ ગયા કંપનીના અમલદાર! કાન ભંભેરણી... બીજે દિવસે મેનેજરે બોલાવીને પાણીચું આપી દીધું. બીજો વજ્રપાત! બાના ઘરેણાં વેચી કરેલા વેપલામાં ભલીવાર શે આવે ભામણને? કોઈની નોકરી ન કરવાના પ્રચંડ દાવા અર્થે ગર્ભવતી મારી બા ને બેનને લિંબડી મૂકી અંગ્રેજ સરકારના વિરોધમાં થતા ભૂગર્ભ કામોમાં ૧૯૩૦થી ૧૯૪૭ રઝળપાટ સ્વીકારી ફરતા રહ્યા. મંદિર, બાવા ને દેશસેવા કોટે વળગાડ્યા. મારા જન્મ પછી ક્યારેક લિંબડીને પછી બા પોરબંદર રાજ્યની પ્રાથમિક શાળામાં હતાં તે પોરબંદર આવે, રહે ને આનંદ કરાવે. ફરવા લઈ જાય, મને અંગ્રેજી ખૂબ ભણાવે. પણ ટકે નહીં ને મારે એક ભાઈ મહેન્દ્ર આવ્યો, ત્યારે તો મોજમાં ગીતો ગાય, હાલરડાં રૂપે! તેને લઈને એકલા તેનો ફોટો પડાવી લાવ્યા!

ઑક્ટોબર '૪૭માં માંદા થઈને આવ્યા! ઉધરસ, લોહી પડે, ખૂબ કષ્ટ પડે. કંઈ બોલે નહીં, સુવાણ થાય કે મહેન્દ્રને પલાખા પૂછે, આંક બોલાવે, રાજીપો જ હોય!

પણ... એ ઊભા ન જ થયા. ૪૫ વર્ષનો અનેક ઉમંગોને ધરબી સ્વતંત્ર ભારતની ઝંખનામાં જીવતો જણ ઢળી પડ્યો. મારી બાને છાનું રાખનાર કોણ? અને રડવડતાંને દિલાસો આપે કોણ? કોણ હેં?...

નત મસ્તકે,

**- કુંદન દવે**

મારા બાપુજી નીડર, અડગ મનના. કોંગ્રેસના ચાહક, સંઘર્ષો સામે ઝઝૂમનાર અને ગરીબીથી આચ્છાદિત હતા.

મેં ઍસએસસીની પરીક્ષા પાસ કરી ત્યારે પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી મળી શકતી હતી પણ મારા પિતાજીની ઈચ્છા દીકરાને કૉલેજ શિક્ષણ આપવાની હતી. હૉસ્ટેલનું ભોજન બિલ ભરવા નાણાં ન હોવાથી છેલ્લા દિવસે પાડોશી પાસેથી ઉછીના નાણાં મેળવી પહોંચાડતા.

શિયાળાની એક સવારે 'વિન્ડ' શબ્દનું ઉચ્ચારણ 'વાઈન્ડ' કરવાથી ગુલાબી ગાલ પર 'સટાક કરતી' એમની ભેટ મળેલી એવું યાદ છે.

ઑક્ટોબરમાં ખાદીમાં વળતર મળે ત્યારે પિતાજીનાં વસ્ત્રો લઈ જતો, ત્યારે મારા બાપુજી નૂતન વર્ષના દિવસે એ હોંશભેર ધારણ કરતા.

એમનો સંદેશો સદા યાદ રહેશે, 'દુનિયાથી દૂર જાઓ તો લોકોનાં દિલમાં મીઠી યાદો અને આંખોમાં પ્યારનાં અશ્રુ છોડી જજો.'

મને સુખની વર્ષામાં ભીંજવનાર મારા બાપુજીને કોટિ-કોટિ વંદન.



**- જયેન્દ્ર એન પાઠક**

આઝાદીનાં અજવાળાં દેશમાં પ્રસરી રહ્યાં હતાં તે જ ગાળામાં કલોલ તાલુકાના અંતરિયાળ ગામ ડિંગુચાના એક સામાન્ય પ્રજાપતિના ઘરમાં તેમનો જન્મ. નામ માધવ. માત્ર છ માસની વયે તેમણે માતા ગુમાવ્યાં. ભણવામાં હોંશિયાર. મેટ્રીકમાં શાળામાં પ્રથમ. ભણવા ઉપરાંત ચિત્ર અને સંગીતનો શોખ. નાનપણમાં તો ઓઈલ પેઈન્ટથી અનેક ચિત્રો બનાવી દીધા. તે વખતે પેથાપુરમાં સાડીઓની ડિઝાઈન પપ્પા બનાવતા. અઢાર વર્ષની ઉંમરે લગ્ન ને ઓગણીસમા વર્ષે પોસ્ટ ખાતામાં નોકરી. પહેલું જ પોસ્ટીંગ સાવરકુંડલામાં કારકુન તરીકે! મારો જન્મ પણ સાવરકુંડલામાં જ. પછી તો પપ્પાની પોસ્ટયાત્રા ઝીંઝુવાડા, બોટાદ, અમદાવાદ, ધંધુકા, ગાંધીનગર એમ ચાલતી રહી.... અને છેલ્લે રાજકોટમાં ક્લાસ વન ઓફિસર તરીકે ૨૦૦૮માં નિવૃત્ત.

અમે ત્રણ ભાઈ-બહેન, હું સૌથી મોટો. મારા પ્રત્યે વિશેષ લગાવ. ક્યારેક મારા મમ્મીને ટોકવા પડે એટલી હદે મારી કાળજી રાખે. મને સામાન્ય શરદી થઈ હોય તો પણ પપ્પા આઘાપાછા થઈ જતા. મને ઉધરસ પણ આવે તો પપ્પા દોડી આવતા. હું પપ્પા બન્યો પછી પણ આ ક્રમ તો ચાલુ જ હતો! ૧૯૮૭માં દાંતીવાડા કૃષિ કૉલેજમાં દાખલ થયો ત્યારે પપ્પા હૉસ્ટેલ સુધી મૂકવા આવેલા. જ્યારે પણ દાંતીવાડા જવાનું થતું ત્યારે પપ્પા મોપેડ લઈ પથિકાશ્રમ/કલોલ સુધી મૂકવા આવતા. દર અઠવાડિયે પપ્પાનો પત્ર અચૂક આવતો તે વાત તો મારા મિત્રોય આજે યાદ કરે છે. ૧૯૯૧માં સ્નાતક બન્યા પછી છેક ૧૯૯૫ સુધી સરકારી નોકરી મેળવવા હું ઘેર બેરોજગાર બેસી રહેલો. આમ છતાં પપ્પાએ કદી મારામાં વિશ્વાસ ગુમાવેલો નહીં.

ટૂંકા પગારમાં પપ્પા (મમ્મી તો ખરાં જ) એ ખૂબ સંઘર્ષ વેઠી અમને ભણાવ્યા. સાથોસાથ એમના નાના ભાઈ-બહેનના સામાજિક પ્રસંગો પણ પૂરા કર્યા. આ માટે પપ્પા નોકરી ઉપરાંત નાનાં-મોટાં કામો પણ કરતા. મમ્મીનો સહયોગ મળી રહેતો. પપ્પાએ સિવણકામ કર્યું, પતંગો અને ફટાકડા વેચ્યા, કૅલેન્ડર વેચવા ખૂબ રઝળપાટ કરી, ચાના પડીકાં બનાવી વેચ્યા. કંકોતરીઓ અને સ્ક્રિન પ્રિન્ટીંગનો હાલનો નાનાભાઈનો વ્યવસાય શરૂ કરાવનાર પણ પપ્પા!

મારા પપ્પાની દીર્ઘ દૃષ્ટિ ગજબની! ૨૦૦૩-૦૪ની આસપાસ જ્યારે સરગાસણ, વાસણા હડમતિયા બાજુ જોવાનું પણ કોઈ વિચારતું નહીં ત્યારે મારા પપ્પાએ અમારા બે ભાઈઓ માટે સાવ સસ્તામાં પ્લૉટ લઈ આપેલા, જેની કિંમત હાલ કેટલી છે એ વાચકોને ખબર છે!

અત્યંત મિલનસાર અને પરગજુ સ્વભાવ એ પપ્પાની ઓળખ. ગુસ્સે થતાં ભાગ્યે જ કોઈએ જોયેલા! ક્યારેય કોઈની પાસે કંઈ માગ્યું નહિ. એમની નિવૃત્તિ પછી હું સરકારી અધિકારી હોવા છતાં તેઓ મને એમ કહેતાં કે કંઈ જરૂર હોય તો લઈ જજે! જિંદગીમાં એમણે ક્યારેય કોઈ ફરિયાદ ન કરી. ભગવદ્‌ગીતામાં વર્ણવેલા કર્મયોગીનું સાંગોપાંગ સ્વરૂપ એટલે મારા પપ્પા. એમણે માત્ર કર્મોમાં પોતાનો અધિકાર સમજ્યો ને ફળની આશા ન રાખી. મારા પપ્પા એટલે મારા પપ્પા!



**- રમેશ એમ પ્રજાપતિ, સેક્ટર-૨૭**

સખ્ત પરિશ્રમ મનમાની સિદ્ધિ અપાવે છે આ લોકોક્તિનું જીવંત ઉદાહરણ એટલે મારા પપ્પા. નાનપણમાં માતા-પિતા ગુમાવ્યા. મામા તેમને આફ્રિકા લઈ ગયા. રજવાડી કુટુંબનું કામ કરી સખ્ત પરિશ્રમ કરવાની વૃત્તિએ માન અને મોભો તો અપાવ્યાં પરંતુ જેના નસીબમાં સુખ ભોગવવાનું જ ન હોય એ શું કરે? બીજા વિશ્વયુદ્ધને કારણે દેશમાં પાછું ફરવું પડ્યું. અહીં આવીને પણ જમાલપુર તાડની શેરીમાં રહ્યા. પરંતુ ત્યાં પણ કોમવાદના ભરડાએ એમને સ્થાયી ન થવા દીધા. તેમના જ એક પિત્રાઈએ તેમને શોરોક મીલમાં નોકરી અપાવી, અસારવામાં ઘર ભાડે અપાવ્યું.

સાવ સામાન્ય સ્થિતિ, દિવસે મીલમાં નોકરી જવાનું ને છૂટીને કોઈ નાનાં-મોટાં સુથારી કામ કરવા જઈ આવકનાં સાધનો વધારવાનાં. મર્યાદિત આવક છતાં પોતાના નિર્ણયમાં અડગ. અમે પાંચ ભાઈ અને ત્રણ બહેન. જ્ઞાતિમાં ભણનાર બહુ ઓછા છતાં દરેકને ઓછામાં ઓછું ગ્રેજ્યુએશન કરાવવાનો નિર્ધાર મારા પપ્પાએ કરેલો ને એ પૂર્ણ કર્યો. બે પુત્રોને તો એમણે ખર્ચાળ ઈજનેરી ડિગ્રી અપાવી. એમની શાખ જ એવી અને ડાકોરવાળા પર શ્રદ્ધા પણ એવી કે પૈસાની મૂંઝવણ તેમણે ક્યારેય અનુભવી જ નહીં.

બે પુત્રો વિદેશમાં હતા અને ત્રણ નોકરીમાં, પરંતુ પપ્પાનું જ્યારે અવસાન થયું ત્યારે પાંચેય પુત્રો પથારી પાસે હતા.

સંબંધ કેમ સાચવવા તેના પાઠ પપ્પાએ અમને શીખવ્યા હતા. પોતાનાં કામોમાં વ્યસ્ત હોવા છતાં મહિનામાં એકવાર દરેક સંબંધીને ત્યાં જતા જ ને એમ જ ડાકોરવાળાનાં દર્શને ડાકોર પણ જતા. અમારા જીવનને જે છત્રછાયા પિતાએ આપી તે અદ્‌ભૂત હતી.

પુંજાલાલ એમનું મૂળ નામ, અમે પૂજાલાલ કર્યું, જેમણે એક પૂજા કરવાલાયક વ્યક્તિની સમાજને સાચી ઓળખ આપી હતી.

**- નટુભાઈ ગજ્જર, સેક્ટર-૨૯**